Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 7, Issue 1, March 2021

# સ્વાતંત્ર્ય સંગ્રામમાં હજીરાગામનું પ્રદાન

*પ્રા. ડૉ. મૂકેશભાઈ જે. પટેલ
એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત

**સારાંશઃ**

સુરત અને સુરત જીલ્લાનો ઈતિહાસ અનેરો અને અદ્ભુત રહ્યો છે . સુરતનું જમણ અને સુરત સોનાની મુરત તરીકે ઈતિહાસ પ્રસિદ્ધ સુરત રાષ્ટ્રની આઝાદીની ચળવળમાં પણ અગ્રણી અને પથદર્શક રહ્યું હતું . રાષ્ટ્રને અંગ્રેજો સામે સૌપ્રથમ અહિંસક લડત ઉપડનાર સુરત હતું . તો સમાજ સુધારીની નગરી તરીકે પણ પ્રખ્યાત હતું . સુરતની માફક સુરત જીલ્લાના વિવિધ વિસ્તારોએ પણ આઝાદીની લડતમાં અગત્યનું યોગદાન આપ્યું હતું . ગાંધીજીના આગમન પછી સુરત જીલ્લાના વિવિધ ગામોએ આઝાદીની ચળવળમાં મહત્વની ભૂમિકા ભજવી હતી . હજીરા પણ તેમાંથી બાકાત ન હતું . હજીરા ગામના લોકોની સ્વતંત્રતા સંગ્રામમાં આપેલ યોગદાનને અત્રે પ્રકાશિત કરવા પ્રયત્ન કર્યો છે.

હાલ ચોર્યાસી તાલુકો જિલ્લે સુરતનું હજીરા ગામ ઈ .સ. ૧૮૫૦ સુધી સાગરબેટિયા તરીકે ઓળખાતું હતું . સર્વત્ર રેતીના ઢુવા હોવાને કારણે તે વિસ્તારને ઢઉ તરીકે ઓળખવામાં આવતો . ઈ.સ. ૧૮૬૦ માં સુંવાળી ગામના એક ભાગ તરીકે ઢઉ ફળિયાની નોંધ જાણવા મળે છે . ઢઉ ફળિયું સ્વચ્છ હવા -પાણી માટે જાણીતું હોવાથી હવાફેર માટે લોકો આવતા . અહીં જ અંગ્રેજોએ દીવાદાંડી બંધાવી હતી . આ દીવાદાંડી પાસેની કબર પર 'હજીરો' નો નામોલ્લેખ હોવાથી આ વિસ્તારનું નામ હજીરા રાખવા કલેક્ટરશ્રીને રજૂઆત થતાં ઈ .સ. ૧૯૦૧ માં 'હજીરા' ગામનું નામ અપાયું, ત્યારે તે ઓલપાડ તાલુકા સાથે જોડાયેલ હતું . ઈ.સ. ૧૯૩૫ માં હજીરાને ચોર્યાસી તાલુકામાં સામેલ કરવામાં આવ્યું.

ગામના ઘણા કુટુંબોના યુવાનો જરી ઉદ્યોગની કળા શીખી કામ કરવા લાગ્યા હતા . ઈ.સ. ૧૯૧૦ થી ૧૯૩૫ સુધી આ કામ બરાબર ચાલ્યું પણ પછી મંદી આવી ત્યારે ગાંધીયુગની અસરને લીધે યુવાનો કાંતણ - વણાટમાં જોડાઈ ગયા. આમ રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ થઈ.

ઈ.સ. ૧૯૨૮ માં મહાત્મા ગાંધીજી સુરત આવ્યા ત્યારે હજીરાવાસી દશેક ભાઈઓ અને પાંચેક બહેનો તેમને સાંભળવા સુરત આવ્યા હતા . જેમાં લક્ષ્મીબેન કાલિયાભાઈ પટેલ પર એવો પ્રભાવ પડયો કે ગામ આવી ઘરમાંથી વિલાયતી વસ્ત્રો અને મિલના વસ્ત્રોની ગાંસડીની જાહેર રસ્તા પર હોળી કરી દીધી અને ખાદીને અપનાવી લીધી, તે સંદેશાથી જિલ્લામાં રાષ્ટ્રીય જાગૃતિ આવી.

*મુકેશભાઇ જે. પટેલ, એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત, Associate Professor, Dept of History

ઈ.સ. ૧૯૩૦માં 'સવિનય કાનુનભંગ'ની લડત શરૂ થતાં પૂ. ગાંધીજી મીઠાના કાયદાનો ભંગ કરવા સાબરમતી આશ્રમથી દોડી સુધી પગપાળા કૂચ શરૂ કરી ત્યારે સુરતની સભામાં હજીરાના ભાઈ -બહેનોએ ભાગ લીધો. સભામાંથી પ્રેરણા અને ઉત્સાહ સાથે ગામ પરત આવ્યો, ઘણા સત્યાગ્રહમાં જોડાવા તૈયાર થયા ત્યારે મોરા ગામે મીઠું પાકતું. મીઠા કાયદાનો ભંગ કરવાના હેતુથી હજીરાના ત્રણ -ચાર જણે બળદગાડામાં ટોપલો ભરી મીઠું લઈ પોતાના ઘરે લાવવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. ત્યારે પોલિસ રસ્તામાં પીલુડીનાં ઝાડ પર છુપાઈને બેઠા હતા. બળદગાડા પોલિસની નજીક આવતાં મીઠું ખાલી કરાવવા બળદની નાથ પકડી લીધી, પણ બળદોએ ઉછાળો મારતાં નાથ છૂટી ગઈ અને બળદગાડા દોડાવી મુકવામાં આવ્યાં. પોલિસ જોતી રહી ગઈ. સત્યાગ્રહ પછી મીઠા વપરાશ બાબતે થોડી નરમાઈ આવી હોય દરેક માણસને માથા ઉપર ઉપાડી લઈ જઈ શકાય તેટલું લેવાની છૂટ હતી. આઝાદીની લડતમાં હજીરાવાસી સતત જાગૃત રહ્યા. ઈ.સ. ૧૯૪૨ માં અંગ્રેજોની નીતિ રીતિથી પ્રજા કંટાળી હતી. અંગ્રેજોના કાયદા પ્રજાને ત્રાસ આપનાર હતા.

મહાત્મા ગાંધીજીએ ઇ.સ. ૧૯૪૨ માં અંગ્રેજોને દેશ છોડી જવા 'હિંદ છોડો' આંદોલનની જાહેરાત મુંબઈથી કરી. આ સભા પછી 'કરો યા મરો'ના મંત્ર સાથે આખા દેશમાં અંગ્રેજ શાસન સામે પ્રદર્શનો, અસહકાર અને જેલભરો આંદોલનના કાર્યક્રમો શરૂ થયા. તેની સામે અંગ્રેજ શાસનને કડક હાથે દાબી દેવા પ્રયાસો કર્યા. એ સમયે હજીરામાં તા.૦૯-૦૮-૧૯૪૨ના રોજ સવારે પોલિસો આવી, ગામના ચોરે બેઠા, એવી વાત ફેલાઈ કે પ્રાથમિક શાળાના ગુરૂજીને પકડવા આવ્યા છે, એટલે ત્રીસ-પાંત્રીસ વિદ્યાર્થીઓનું ટોળું આઝાદીના સુત્રોચ્ચાર કરતું આવી પહોંચ્યું. વાતાવરણ ઉગ્ર બન્યું હતું, ત્યારે વડીલો આવી પહોંચ્યા, પોલિસને જતા રહેવા જણાવી ગામના તળાવ સુધી મૂકી આવ્યા, સાથે પોલિસને જાણ કરી કે પાછા આવશો તો તાપીમાં પધરાવી દઈશું. ત્યાર પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિની કેન્દ્ર સમી શાળા તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવી હતી. શાળાના શિક્ષકોએ રાજીનામાં આપી દીધાં, એક માત્ર મુખ્ય શિક્ષક રહ્યા, તેઓ રજા પર જતા રહ્યા. આ સ્થિતિમાં શાળા એક વર્ષ બંધ રહી.

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન હજીરાના ક્રાંતિકારીઓ જેલવાસ પણ ભોગવે છે. ગામના લોકો કોલેરાની મહામારીમાંથી હજુ ઠરીઠામ થયા જ હતા ત્યાં પોલિસ પલટન ગામમાં આવી અને હજીરામાંથી શ્રી મંછાભાઈ નાનાભાઈ પટેલ, શ્રી મગનભાઈ નાનાભાઈ પટેલ, શ્રી જેરામભાઈ કાનજીભાઈ પટેલ, શ્રી દુર્લભભાઈ કાનજીભાઈ પટેલ તથા ગોવિંદભાઈ નાનાભાઈ પટેલને પકડી લઈ સુરત લઈ જવાયા. તે બધા જ ક્રાંતિવીરોને સાબરમતી જેલમાં મોકલી આપ્યા હતા. અન્ય ગ્રામવાસીઓની ધરપકડ માટે વોરન્ટ કાઢેલા તેઓ બધા ગુપ્ત સ્થળ સંતાઈ રહેતા અને પોલિસના હાથમાં આવતા નહિ, પરંતુ પૂ. ગાંધીજીના જેલભરો આહવાનથી બધા સુરત જઈ ચોકબજારથી કિલ્લા સુધી ત્રિરંગા ધ્વજ સાથે સુત્રોચ્ચાર કરતા સરઘસ રૂપે કિલ્લાના મેદાનમાં પ્રવેશ થતાં જ ધરપકડ થઈ, જેમાં હજીરાના બાબુભાઈ હજીરાવાલા, વેણીલાલ મગનભાઈ પટેલ, શાંતિલાલ જેરામભાઈ પટેલ, ગીજુભાઈ રણછોડભાઈ પટેલ તથા ડાહ્યાભાઈ ગોવિંદભાઈ પટેલનો સમાવેશ થતો હતો. જેમને થોડા સમય સુરત જેલમાં રાખ્યા પછી સાબરમતી જેલમાં મોકલી આપ્યા. જ્યારે બાબુભાઈ હજીરાવાળા જેલની દિવાલ કૂદી ફરાર થઈ ગયા. પગે ફેકચર થયું છતાં પોલિસના હાથમાં આવ્યા નહિ. બીજે દિવસે વર્તમાનપત્રમાં માહિતી જાણી ચાર ટૂકડી પાંચ-પાંચ વ્યક્તિની બનાવી જેલભરો આંદોલન માટે તૈયાર કરી, પરંતુ પ્રતિકૂળ સ્થિતિને કારણે કાર્યક્રમ મૂલતવી રાખેલ.

હજીરા ગામ સાથે સરદાર પટેલનો નાતો રહ્યો છે. ઈ.સ. ૧૯૪૨ માં આઝાદીની લડત બરાબર ચાલી રહી હતી ત્યારે સરદાર પટેલ ગંભીર બીમારીથી ઘેરાયેલ હોય પૂ. ગાંધીજીના આગ્રહથી ફેબ્રુઆરી -માર્ચ, ૧૯૪૨ માં હજીરા આરામ માટે આવ્યા. હજીરામાં ડૉ. હીરાલાલ લાકડાવાળાના મકાનમાં રોકાયા હતા. તેમના આગમન અને રોકાણને લીધે હજીરા આરોગ્યધામ તરીકે દેશમાં જાણીતું બન્યું હતું.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં હજીરાના સ્વાતંત્ર્ય સેનાનીઓ સક્રિય રહ્યા જેમાં શ્રી મંછાભાઈ નાનાભાઈ પટેલ જેઓ હજીરાના શેઠ કુટુંબમાં જન્મ્યા હતા . અંગ્રેજ હકુમત વતી ગામના પટેલ તરીકે સેવા આપતા હતા , પછી રાજીનામું આપી સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાયા . ઈ.સ. ૧૯૪૨ ની 'હિંદ છોડો ચળવળ 'ની પૂ. ગાંધીજીની હાકલથી પ્રેરાઈ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. તેથી ધરપકડ થઈ અને જેલવાસ થયો. શ્રી મગનભાઇ નાનાભાઈ પટેલ ગ્રામસભા અને સામાજિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા તેઓ પણ ઈ .સ. ૧૯૪૨ ની લડતમાં જોડાયા . તેમને સાબરમતી જેલમાં જેલવાસ થયો હતો. શ્રી જેરામભાઈ કાનજીભાઈ પટેલ હજીરાના મૂળ વતની પણ કોન્ટ્રાક્ટરનું કામ કરતા હોવાથી સુરત અને અન્ય ગામડાઓમાં કામ કરતા , રાજકીય-સામાજિક પ્રવૃત્તિઓમાં રત રહેતા . 'હિંદ છોડો' આંદોલન દરમિયાન સાબરમતીમાં જેલવાસ થયો હતો . શ્રી દુર્લભભાઈ કાનજીભાઈ પટેલ ગામ વિકાસમાં રસ લેતા અને ભજન કીર્તનનો શોખ હતો . ઈ.સ. ૧૯૪૨ ની ચળવળમાં સક્રિય થતાં જેલવાસ થયો ત્યાર પછી રચનાત્મક પ્રવૃત્તિમાં જોડાયા. શ્રી ગોવિંદભાઈ નાનાભાઈ પટેલ (ગુરુજી) જન્મ હજીરામાં આધ્યાત્મિક વિકાસ કર્યો . ઈ.સ. ૧૯૩૭ માં વેડછીમાં શિક્ષણ તાલીમ લઈ શાળામાં શિક્ષક તરીકે જોડાયા . સાથે હજીરામાં ભજન મંડળી , સમાજ સુધારણા, ખાદી પ્રવૃત્તિ, દારૂબંધી જેવી પ્રવૃતિઓ સાથે સંકળાયેલા રહ્યા હતા . ઈ.સ. ૧૯૭૭ માં નિવૃત્તિ પછી જોથાણ ગામે 'પ્રભુસેવા મંડળ'ની સ્થાપના કરી . જે સંસ્થા આજે પણ ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિ કરે છે . શ્રી બાબુભાઈ મધુભાઈ પટેલ (હજીરાવાળા) પાટીદાર આશ્રમમાં રહી મેટ્રિક પાસ થયા. ગામમાં વ્યસન, કુરિવાજ બંધ કરાવવા કટિબદ્ધ થયા. યુવાનોને પત્તા-રમી રમવાની આદત બંધ કરાવી. ગામમાં આવેલ શિંકોતર માતાના મંદિર પાસે પશુ-પક્ષીના બલિ, લોહી ચડાવવાની રીતો હતી તે કૂંડીનો નાશ કરી ચેતવણી માટે બોર્ડ મુક્યું . ઈ.સ. ૧૯૪૨ માં લડતમાં ભાગ લીધો અને જેલ થઈ , ત્યાંથી ભાગી છૂટ્યા પણ ગાંધીજીના આદેશને માન આપી પોલિસ સામે હાજર થયા હતા. આઝાદી બાદ દામકા ગામે વિકાસ મંડળની સ્થાપના કરી . માધ્યમિક શિક્ષણની વ્યવસ્થા માટે સંજીવની કેળવણી મંડળની શરૂઆત કરી હતી . શ્રી વેણીલાલ મગનભાઈ પટેલ વ્યવસાયે શિક્ષક બન્યા . ઈ.સ. ૧૯૪૨ માં નોકરીનો ત્યાગ કરી ગાંધીજીની પ્રવૃત્તિમાં જોડાઈ ગયા . એક વરસ જેલમાં રહ્યા . શ્રી ગિજુભાઈ રણછોડભાઈ પટેલ શિક્ષણખાતામાં જોડાયા અને ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાતાં ઈ .સ. ૧૯૪૨ માં લડતમાં જોડાઈ જેલવાસ ભોગવ્યો.

ડાહ્યાભાઈ ગોવિંદભાઈ પટેલ જન્મ હજીરામાં , ધોરણ-૭ સુધી શિક્ષણ પછી ખેતી સંભાળતા અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાતા. ઈ.સ. ૧૯૪૨ માં રાજકીય પ્રવૃત્તિ કરતાં જેલવાસ થયો. પછી સામાજિક પ્રવૃત્તિમાં જોડાયા હતા. કેશવભાઈ મકનજી પટેલ પ્રાથમિક શિક્ષણ પછી ગોવિંદભાઈના સંપર્કથી ગાંધીજીની પ્રવૃત્તિમાં રસ લેવા માંડયા, વિદેશી વસ્ત્રોનો ત્યાગ કરી જીવનપર્યંત ખાદી અપનાવી . જેલજીવનની તાલીમ લીધી અને ઈ .સ. ૧૯૪૨ માં સરકારી શાળાનો બહિષ્કાર કર્યો . ઈ.સ. ૧૯૪૭ સુધી ક્રાંતિકારી પ્રવૃત્તિ, શિક્ષણ અને ખાદી વણાટ સાથે જોડાઈ રહ્યા, આઝાદી પછી શિક્ષક બન્યા.

આમ, દરિયા કિનારે આવેલા હજીરા જેવા નાનકડા ગામે પણ સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રવૃત્તિમાં સક્રિયતા બતાવી હતી.

**સંદર્ભ સૂચિ :**

1. ઠક્કર ચંદ્રભાઈ અ, અને રમેશચંદ્ર છ, (સંપા.) : ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૦.
2. દેસાઈ ઈશ્વરલાલ ઈ., 'સૂરત સોનાની મૂરત', ચોક્સી નિલેષ એચ., સૈયદપુરા, સુરત, પુનર્મુદ્રણ, ૨૦૦૪.
3. દેસાઈ ગુણવંતભાઈ જે., 'પશ્ચિમ ભારતમાં અંગ્રેજો : રાજકીય અને સામાજિક પરિપ્રેક્ષ્ય 'માં, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૮.
4. પટેલ કેશવભાઈ મ., 'ગાથા હજીરાની', પ્રકાશક : પોતે, હજીરા, સુરત, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૮.
5. મેઘાણી એમ. વી. , 'ઓગણીસમી સદીનું સૂરત ', ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન , સૂરત, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯.
6. શાસ્ત્રી હરિપ્રસાદ ગ. અને પરીખ પ્રવીણચંદ્ર ચિ. , 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ', ગ્રંથ-૮, બ્રિટિશ કાલ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૪.
7. શાસ્ત્રી હરિપ્રસાદ ગ. અને પરીખ પ્રવીણચંદ્ર ચિ. , 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ', ગ્રંથ-૯, આઝાદી પહેલાં અને પછી ઈ.સ. ૧૯૧૫ થી ૧૯૬૦, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૮૮૭.